# દ.ગુ.માં મેઘરાજાના તાંડવનાં ફરી એંધાણ, તંત્ર એલર્ટ

## ‘રેડ એલર્ટ’થી નવસારીમાં ચિંતા

**નીચાણવાળા** વિસ્તારોના લોકોને સુરક્ષિત સ્થળે ખસી જવા અપીલ કરાઈ

નવસારીઃ હવામાન વિભાગ દ્વારા નવસારી જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી સાથે ‘રેડ એલર્ટ’ જાહેર કરવામાં આવતાં જિલ્લા વહીવટી તંત્ર જનજીવનની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં આગોતરા સાવચેતીના વ્યાપક પગલાં અમલમાં મૂક્યા છે. તાજેતરમાં આવેલા પૂરની વિનાશક પરિસ્થિતિના અનુભવને ધ્યાનમાં રાખી જિલ્લા પ્રશાસન અને નવસારી મહાનગરપાલિકાએ બચાવ અને રાહત કામગીરી માટે તમામ વિભાગોને હાઈ એલર્ટ પર મૂક્યા છે. ફાયર બ્રિગેડ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમો અને અન્ય ઈમરજન્સી સેવાઓને 24 કલાક સજ્જ રહેવા સૂચના આપવામાં આવી છે. જિલ્લા તંત્રે ખાસ કરીને નીચાણવાળા વિસ્તારોમાં વસતા લોકોને સમયસર સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવા, બિનજરૂરી બહાર ન નીકળવા, નદી-નાળા અને પાણી ભરાયેલા વિસ્તારોની નજીક ન જવા તેમજ અધિકૃત સૂચનાઓનું જ પાલન કરવા અપીલ કરી છે. વહીવટી તંત્રએ નાગરિકોને અફવાઓથી દૂર રહેવા જણાવ્યું છે.

### ખેરગામમાં કાંઠા વિસ્તારના લોકોને સલામત સ્થળે ખસી જવાની સૂચના

ખેરગામ: ખેરગામ તાલુકાના પાટી ગામમાંથી પસાર થતી તાન નદીના પાણી નીચણવાળા વિસ્તારમાં ભરાઈ જવાના પગલે લોકોને હાલાકી પડતી હોય છે. જેના પગલે ખેરગામ તાલુકા વહીવટી તંત્ર દ્વારા ૧૬ જેટલા લોકોનો અત્યારથી જ સ્થળાંતર કરવામાં આવ્યું છે. તેમને તેમના સંબંધીને ત્યાં મોકલી આપવામાં આવ્યાં છે.

### વાંસદામાં નદી કાંઠા અને ડેમથી અસરગ્રસ્ત ગામોના લોકોના સ્થળાંતરની કાર્યવાહી


નિલેશ કાપડિયા

વાંસદા: વાંસદામાં સાવચેતીના ભાગરૂપે નદીકાંઠા અને ડેમથી અસરગ્રસ્ત વિસ્તારોમાં વિશેષ તકેદારી રાખી સ્થળાંતરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ અંતર્ગત પ્રતાપનગર, ધરમપુરી અને વાંસદા ગામના નદી કિનારા તેમજ ખાડી નજીક આવેલા વિસ્તારો અને ફળિયાઓમાં વહીવટી તંત્ર દ્વારા રૂબરૂ મુલાકાત લઈ સ્થાનિક રહેવાસીઓને સંભવિત જોખમ અંગે માહિતગાર કરવામાં આવ્યાં હતા. રહેવાસીઓને વિલંબ કર્યા વગર વહેલામાં વહેલી તકે સલામત સ્થળે સ્થળાંતર કરી તંત્ર દ્વારા નિર્ધારિત આશ્રયસ્થાનો પર પહોંચવા સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત, તાલુકાના નદીકાંઠા તથા ડેમના પાણીથી અસરગ્રસ્ત બની શકે તેવા અન્ય ગામોમાં પણ માઈકિંગ, રૂબરૂ સંપર્ક અને સ્થાનિક જન પ્રતિનિધિઓના સહયોગથી લોકોને સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. સાથે જ નદી-નાળાઓ, કોઝવે અને પાણી ભરાયેલા વિસ્તારોમાં અવરજવર ટાળવા તેમજ વહીવટી તંત્રની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા અપીલ કરવામાં આવી છે. વહીવટી તંત્રે જણાવ્યું છે કે હવામાનની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને કોઈપણ ઇમરજન્સી પરિસ્થિતિમાં તાત્કાલિક જરૂરી પગલાં લેવામાં આવશે.

### ડાંગમાં અધિકારી-કર્મીઓને સ્ટેન્ડ બાય રહેવા સૂચના

સાપુતારા: આગામી સમયગાળા દરમિયાન પવન સાથે અતિભારે વરસાદ પડવાની સંભાવનાને ધ્યાને લઈ પૂર્વ તૈયારીના ભાગરૂપે નાયબ જિલ્લા વિકાસ અધિકારી હિરલ પટેલના અધ્યક્ષસ્થાને ડાંગ જિલ્લા પંચાયત કચેરીના સભાખંડમાં આહવા તાલુકાના સંકલન અધિકારીઓની તાત્કાલિક બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન વિવિધ વિભાગો દ્વારા હાથ ધરવાની કામગીરી અંગે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં તાલુકાના તમામ લાઇન વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓને સંપૂર્ણ સતર્કતા રાખવા, આગામી આદેશ સુધી સ્ટેન્ડબાય સ્થિતિમાં રહેવા તેમજ ફરજિયાતપણે પોતાના હેડક્વાર્ટર ખાતે હાજર રહેવા સૂચના આપવામાં આવી હતી. તમામ જરૂરી સાધનસામગ્રી, માનવબળ રાખવા તેમજ કોઈપણ આકસ્મિક પરિસ્થિતિમાં ત્વરિત પ્રતિસાદ આપી શકાય તે માટે જરૂરી પૂર્વ તૈયારીઓ સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી હતી.

## વલસાડમાં ભારે વરસાદની આગાહી તંત્ર આગોતરા આયોજનમાં લાગ્યું

**નીચાણવાળા** વિસ્તારોમાંથી સ્થળાંતરની પૂર્વ તૈયારી, બોટ તૈનાતી અને જાહેર જનતાને સતર્ક રહેવા અપીલ

**સરકારી** વાહનો, હૂટરવાળા વાહનો, કચરો એકત્રિત કરતાં વાહનો દ્વારા જનતાને સતર્ક કરવા સતત અનાઉન્સમેન્ટ

વલસાડ: વલસાડ જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ તમામ મામલતદારો, પ્રાંત અધિકારીઓ, તાલુકા વિકાસ અધિકારીઓ, ચીફ ઓફિસરો તેમજ સંબંધિત વિભાગોને આગોતરી સાવચેતીના ભાગરૂપે આગોતરા આયોજન સાથે જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે.

જિલ્લા કલેક્ટર દ્વારા અપાયેલી સૂચનાઓમાં તમામ મામલતદારોને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને જરૂરિયાત મુજબ સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવાની પૂર્વ તૈયારીઓ રાખવા સૂચના આપવામાં આવી છે. ચીફ ઓફિસરો અને તાલુકા વિકાસ અધિકારીઓને તાલુકાના તમામ નીચાણવાળા વિસ્તારોમાં જરૂરી સ્થળોએ બોટ્સ અગાઉથી જ તૈનાત કરવા તથા તેની વિગતો તાત્કાલિક જિલ્લા આપત્તિ નિયંત્રણ કેન્દ્ર (DEOC)ને મોકલવા જણાવાયું છે. જે વિસ્તારોમાં તા.૨૧ થી ૨૩ જુલાઈ દરમિયાન ભારે વરસાદ પડ્યો હોય અને પૂરથી વધુ પ્રભાવિત થયા હતા તેમજ અન્ય નીચાણવાળા વિસ્તારોમાં રાઉન્ડ ધ ક્લોક સ્ટાફની ડ્યુટી ગોઠવવા મામલતદારોને જણાવાયું છે.

પારડી વિસ્તાર સહિત દરિયાકાંઠાના વિસ્તારોમાં કોસ્ટ ગાર્ડની બોટ્સ પણ આગોતરી તૈયાર રાખવા અને જરૂરિયાત સમયે તેનો ઉપયોગ કરવા માટે પ્રાંત અધિકારીઓને સંકલન કરવા જણાવાયું છે. તમામ તાલુકાઓમાં સરકારી વાહનો, હૂટરવાળા વાહનો, કચરો એકત્રિત કરતા વાહનો તેમજ અન્ય ઉપલબ્ધ માધ્યમો દ્વારા જાહેર જનતામાં સતત અનાઉન્સમેન્ટ કરવા પણ સૂચના આપવામાં આવી છે. ઔદ્યોગિક એકમો અને વ્યાવસાયિક સંસ્થાઓ સાથે સંકલન કરી ભારે વરસાદની સ્થિતિમાં કર્મચારીઓને કામ પર ન બોલાવવા અંગે પણ સૂચના આપવા જણાવાયું છે.

## વાંસદાના જૂજ અને કેલિયા ડેમ સંપૂર્ણ સુરક્ષિત

**સોશિયલ** મીડિયામાં ફરતી થયેલી દરવાજા ખોલવા અને તિરાડ પડ્યાની વાત માત્ર અફવા

વાંસદા: સોશિયલ મીડિયામાં વાંસદા તાલુકાના જૂજ અને કેલિયા ડેમ અંગે ડેમના દરવાજા ખોલી દેવામાં આવ્યા હોવાની તેમજ ડેમમાં તિરાડ પડી હોવાની અફવાઓ ફેલાઈ રહી છે. સંબંધિત અધિકારીઓએ આ તમામ સમાચારને તદ્દન પાયાવિહોણા, ભ્રામક અને અસત્ય ગણાવ્યા છે. કાર્યપાલક ઈજનેર, ઉકાઈ ડાબા કાંઠા નહેર સંભાળ વિભાગ નં. ૨, વાલોડ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે જૂજ અને કેલિયા ડેમમાં નહેર સિવાય અન્ય કોઈ દરવાજા આવેલા નથી. ઉપરાંત, બંને ડેમમાં કોઈપણ પ્રકારની તિરાડ પડેલી નથી અને બંને ડેમ સંપૂર્ણપણે સુરક્ષિત સ્થિતિમાં છે. જિલ્લાના નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે સોશિયલ મીડિયામાં ફરતા આવા ભ્રામક સંદેશાઓ પર વિશ્વાસ ન કરે તેમજ તેની કોઈપણ પ્રકારની ચકાસણી કર્યા વિના તેને અન્ય લોકો સુધી શેર ન કરે. કોઈપણ માહિતી માટે માત્ર અધિકૃત સરકારી સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવતી માહિતી પર જ વિશ્વાસ રાખવા કાર્યપાલક ઈજનેર, ઉકાઈ ડાબા કાંઠા નહેર સંભાળ વિભાગ નં. ૨, વાલોડ દ્વારા જણાવાયું છે.

## વાંસદામાં આંગડિયા પેઢીમાં થયેલી 12.50 લાખની ચોરીમાં 3 ઝડપાયા

**પિસ્તોલ**-કારતૂસ સાથે કુલ 19.67 લાખની મતા કબજે, બે વોન્ટેડ

વાંસદાઃ વાંસદા ખાતે રમેશકુમાર અંબાલાલની આંગડીયા પેઢીમાં રૂ.૧૨.૫૦ લાખની ચોરીમાં ત્રણ આરોપીને પોલીસે પકડી રૂ.૧૯.૬૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

વાંસદા ખાતે આવેલા રમેશકુમાર અંબાલાલની આંગડીયા પેઢીમાં તા. ૨૦/૦૭/૨૦૨૬ ના રોજ ધોળા દીવસે સફેદ કલરની સીયાઝ કારમાં આવેલા અજાણ્યા ઈસમો રૂ.૧૨.૫૦ લાખની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ ગુનામાં વાંસદા પોલીસ અને નવસારી એલસીબી પોલીસે બાતમી આધારે વાંસદાના ભીનાર ત્રણ રસ્તા પાસે નાકાબંધી ગોઠવી કારને રોકી સોપારામ ઉર્ફે સંતોષ રૂપારામજી ચૌધરી (ઉં.વ.૩૨, હાલ રહે., ચાંદપાડા, નવી મુંબઈ, મહારાષ્ટ્ર, મૂળ આમલારી, જિ.સીરોહી, રાજસ્થાન) તથા નરેશકુમાર ભગવાનદાસ વૈષ્ણવ (રહે., માધુપુરા, તા.આહોર જિ.ઝાલોર રાજસ્થાન) ઝડપી પાડી ચોરીના રોકડા રૂ.૩ લાખ, લાઇસન્સ વગરની પિસ્તોલ, કારતૂસ-૫ સહિત કુલ રૂ.૧૯,૬૭,૫૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે પકડાયેલા આરોપીઓની પુછપરછ દરમિયાન વાંસદા નવા ફળિયાનો રહીશ મોહમદ તસ્લીમ કલીમભાઈએ આંગડિયા પેઢી બતાવી ચોરીને અંજામ આપવા મદદગારી કરી હોવાનુ જણાઈ આવતા તેની પણ ધરપકડ કરી હતી. જ્યારે આ બનાવમાં સામેલ રાજારામ ઉર્ફે રાજુ રૂપારામજી ચૌધરી (રહે., આમલારી, જિ.સીરોહી, રાજસ્થાન), ત્રિભુવનસીંગ ઉર્ફે સુરેન્દ્રસિંગ અનોપસિંગ દેવલ (રહે., ચેકલા, તા.જશવંતપુરા, જિ.ઝાલોર- રાજસ્થાન )ને વોન્ટેડ જાહેર કરયા હતાં.

### આરોપી સોપારામનો ગુનાહિત ઇતિહાસ

આરોપી સોપારામ સામે વાંસદા, ભીલાડ, જાલોર રાજસ્થાન, આર.જી. ટી બાડમેર રાજસ્થાન, સરુપગંજ રાજસ્થાન, બલોત્રા બાડમેર રાજસ્થાન, વિરાર મહારાષ્ટ્ર ૩ ગુના, શિરોહી સદર રાજસ્થાન ખાતે ગુના નોંધાયેલ છે. જ્યારે મહમદ તસ્લિમ કલીમભાઇ રાઇનની સામે કપરાડા પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

### ઉમરગામના તુંબ ગામે રિક્ષા પલટી મારી જતાં વૃદ્ધનું મોત

ઉમરગામ: ઉમરગામના તુંબ ગામે રિક્ષા પલટી મારતા એક વૃદ્ધનું મોત નીપજવા પામ્યું હતું. ઉમરગામના તુંબ ગામે મરણની ધાર્મિક વિધિ પતાવીને બુધવારે રડકાભાઈ વસ્યાભાઈ આડગા (ઉં.વ.72, રહે., મલાવ પટેલ પાડા) પરિવારના લોકો સાથે રિક્ષા (નં. જીજે 15 એયુ 5898)માં પરત ઘરે આવી રહ્યા હતા, ત્યારે ઓવરબ્રિજના ઉતરતા બ્રિજના છેડે સંજાણથી ભીલાડ તરફના રોડની પાસે તુંબમાં રિક્ષા પલટી જતાં રડકાભાઈ તથા કુંતાબેન સતુભાઈ કાચરા અને રિક્ષાચાલક દેવલાભાઈને ઇજાઓ પહોંચી હતી. રડકાભાઈને વલસાડ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં મોત નીપજવા પામ્યું હતું. આ અંગે ઉમરગામ પોલીસે રિક્ષાચાલક દેવલાભાઈ બારકાભાઇ દુમાડા (રહે., મલાવ) વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વલસાડ જિલ્લામાં 444 માર્ગ ફરી શરૂ, માત્ર 2 માર્ગ બંધ

વલસાડઃ વલસાડ જિલ્લામાં ગત અઠવાડિયે વરસેલા અનરાધાર વરસાદે વલસાડ જિલ્લામાં માર્ગોના હાલ બેહાલ થયા હતાં. કુલ 446 પૈકી 444 માર્ગને વલસાડ માર્ગ મકાન વિભાગ (જિ.પં.)ના અધિકારીઓ, કર્મચારીઓ, શ્રમિકો દ્વારા સમારકામ કરી પુનઃ વાહનવ્યવહાર માટે શરૂ કરી દેવાયા છે. આ કાર્યવાહીમાં 10366 મેટ્રિક ટન મેટલ, પ્રતિદિન અંદાજે 50 જેટલા જે.સી.બી, 3.15 મેટ્રિક ટન ઈકોફિક્સ તેમજ 145 મીટર NP3 RCC પાઈપનો ઉપયો અસરગ્રસ્ત માર્ગોનું ઝડપી સમારકામ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, ભૂસ્ખલન, રસ્તા પર પાણી ફરી વળવું, એપ્રોચ ધોવાઈ જવો તેમજ વૃક્ષો ધરાશાયી થવા જેવા વિવિધ કારણોસર કેટલાક સ્થળોએ વાહનવ્યવહાર અસ્થાયી રીતે બંધ કરવો પડ્યો હતો.

## કાલીયાવાડીના અનેક પરિવારો હજુ પણ રાહતની રાહમાં

**કેટલાક** પરિવારોને સહાય મળી તો કેટલાક રહી જતાં અસંતોષ

નવસારીઃ નવસારી શહેરના વોર્ડ નં. 5 હેઠળ આવેલા કાલીયાવાડીના વુડલેન્ડ એપાર્ટમેન્ટ અને આદર્શનગર વિસ્તારમાં તાજેતરના પૂરના પાણીથી ભારે તારાજી સર્જાઈ હતી. રહેણાંક મકાનોમાં અનેક ફૂટ સુધી પાણી ભરાઈ જતાં ઘરવપરાશની ચીજવસ્તુઓ, ઈલેક્ટ્રોનિક ઉપકરણો, ફર્નિચર અને અન્ય કિંમતી સામાનને વ્યાપક નુકસાન પહોંચ્યું હતું.

અસરગ્રસ્ત રહેવાસીઓનો આક્ષેપ છે કે તંત્ર દ્વારા કેટલીક પ્રાથમિક રાહત આપવામાં આવી હોવા છતાં ઘરવખરીને થયેલા નુકસાન માટેની સહાય તમામ પાત્ર પરિવારો સુધી પહોંચી નથી. એક જ વિસ્તારમાં સમાન નુકસાન સહન કરનારા કેટલાક લોકોને સહાય મળતાં અન્ય અનેક પરિવારો પોતાને અવગણાયેલા અનુભવી રહ્યા છે. પરિણામે સહાય વિતરણની પ્રક્રિયા અંગે સ્થાનિકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક પારુલબેન મેકવાને જણાવ્યું કે તેમના ઘરમાં પણ પૂરનું પાણી ઘૂસતાં ઘરનો મોટાભાગનો સામાન બરબાદ થઈ ગયો હતો. તેમને પ્રાથમિક રાહત મળી છે, પરંતુ ઘરવખરીના નુકસાનનું વળતર હજુ સુધી મળ્યું નથી. તેમણે નવસારી મહાનગરપાલિકા સમક્ષ માંગ કરી છે કે અસરગ્રસ્ત વિસ્તારનું પુનઃ સર્વેક્ષણ કરીને સહાયથી વંચિત રહેલા તમામ પાત્ર પરિવારોને પારદર્શક અને સમાન ધોરણે યોગ્ય રાહત આપવામાં આવે, જેથી પૂરગ્રસ્ત પરિવારોને વાસ્તવિક ન્યાય મળી શકે.

## ‘પૂર્વજોની જમીન પર ઘર બનાવવું પણ મુશ્કેલ બન્યું’

**બીલીમોરાના** આદિવાસી પરિવારની કલેક્ટર સમક્ષ ન્યાય માટે ગુહાર



નવસારી: બીલીમોરા નગરપાલિકાના વોર્ડ નં. ૩માં આવેલા સ્ટેશન ખાડા વિસ્તારમાં પેઢીઓથી વસવાટ કરતા એક આદિવાસી પરિવારે પોતાના રહેણાંક મકાનના પુનઃનિર્માણમાં અવરોધો ઊભા કરવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ કરી નવસારી જિલ્લા કલેક્ટર સમક્ષ લેખિત રજૂઆત કરી ન્યાયની માંગ ઉઠાવી છે. અરજદાર સંજયભાઈ ભીખુભાઈ રાઠોડ અને ગીતાબેન કિશોરભાઈ રાઠોડે રજૂઆતમાં જણાવ્યું છે કે તેમનો પરિવાર છેલ્લા આશરે 80થી 90 વર્ષથી આ સ્થળે વસવાટ કરી રહ્યો છે. તાજેતરમાં થયેલા ભારે વરસાદના કારણે તેમનું રહેણાંક મકાન ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત બની રહેવા માટે જોખમી બન્યું હતું. તેમણે આક્ષેપ કર્યો છે કે સ્થાનિક નગરસેવક દ્વારા વારંવાર વાંધા ઉઠાવવામાં આવતા બાંધકામ અટકી રહ્યું છે, જેના કારણે પરિવાર ભારે હાલાકીનો સામનો કરી રહ્યો છે. અરજદારોએ જિલ્લા કલેક્ટરને સમગ્ર મામલે તટસ્થ તપાસ કરાવી, ઉપલબ્ધ દસ્તાવેજો અને વાસ્તવિક પરિસ્થિતિના આધારે નિર્ણય લેવા તેમજ પોતાની જ જગ્યાએ રહેણાંક મકાન બાંધવાની મંજૂરી અપાવી કાયમી ન્યાય મળે તે માટે તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની માંગ કરી છે. જોકે, રજૂઆતમાં કરવામાં આવેલા આક્ષેપો અંગે સંબંધિત પક્ષનો પ્રતિભાવ જાણવા મળ્યો નથી.

## સમરોલી કચ્છીચાલમાં ખાડીમાં પાણી નિકાલને અવરોધતું દબાણ દૂર કરાયું


ધર્મેશ પટેલ

ઘેજ: ચીખલી નજીકના સમરોલી કચ્છીચાલના રહીશો દ્વારા કાલા ખાડીમાં પાણીના કુદરતી નિકાલના અવરોધ દૂર કરવાની રજૂઆત સાથે જ જિલ્લા કલેક્ટરના આદેશ બાદ ડ્રેનેજ વિભાગ દ્વારા તાબડતોડ મશીનરી ઉતારી આરસીસી પાઈપ બાંધકામ સહિતના અવરોધ દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ હતી.

સમરોલી કચ્છીચાલ, અંબિકા પાર્ક સોસાયટીના રહીશો દ્વારા જિલ્લા કલેક્ટર, પ્રાંત, મામલતદારને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે અમારા વિસ્તારમાંથી કાલા ખાડી દ્વારા વર્ષોથી વરસાદી પાણીનો કુદરતી રીતે નિકાલ થતો આવ્યો છે પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી કાલાખાડીમાં નેશનલ હાઈવેને અડીને આવેલ અનમોલ સર્વિસ સ્ટેશનની બાજુમાં મજીગામમાં જમીન માલિક દ્વારા આરસીસી પાઈપ નાંખી, દિવાલનું બાંધકામ સાથે માટી પુરાણ કરી દઈ પાણીના કુદરતી નિકાલમાં અવરોધ ઊભો કરાતા પાણીનો નિકાલ થતો નથી. વરસાદમાં રહેણાંક ઘરોમાં ૧૦ ફૂટથી વધુ પાણી ભરાય ગયા હતા અને ઘરમાં અનાજ, રાચરચીલું, કપડા સહિતની તમામ વસ્તુઓ ડૂબી જતાં મોટું નુકસાન થવા પામ્યું હતું.

રજૂઆત બાદ જિલ્લા કલેક્ટર મનીષભાઈ ગુરવાણી દ્વારા કાલાખાડીમાંથી તાત્કાલિક અવરોધ દૂર કરવાનો આદેશ કરતાં જ ડ્રેનેજ વિભાગના અધિકારીઓએ આજે સવારે હિટાચી મશીન દ્વારા નેશનલ હાઇવે પાસે મજીગામમાં કાલા ખાડીમાં આરસીસી પાઈપ અને આરસીસીની દિવાલ સહિતનો અવરોધ દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ હતી.

### આલીપોર ઓવરબ્રિજ પાસે ટ્રક અડફેટે બાઈકચાલક આધેડનું મોત

ઘેજ: ચીખલીના રાનવેરી ખુર્દના ઝાડી ફળિયા ખાતે રહેતા સુમન ખાલપભાઇ પટેલ (ઉં.વ.૫૪) બુધવારની સાંજના સમયે પોતાની મોટરસાઈકલ (નં. જીજે ૨૧ બીબી ૪૯૮૦) લઈ ચીખલીથી આલીપોર થઈ પોતાના ઘરે જઈ રહ્યા હતા. ત્યારે આલીપોર ઓવરબ્રિજ નીચે પૂરપાટ ઝડપે આવી રહેલા એક ટ્રક (નં. એમએચ ૪૬ બીએફ ૧૪૨૨) એ ટક્કર મારતા સુમનભાઈ પટેલને ગંભીર ઈજાઓ પહોંચતા પ્રથમ આલીપોર બાદ નવસારી ત્યારબાદ સુરત ખસેડાતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. પોલીસે ટ્રકના અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## પૂરનો કાદવ સાફ કરવામાં કરંટ લાગતાં આધેડનું મોત

**ગણદેવીના** ભાઠા ગામે પિતા-પુત્ર સફાઈ કરવા ગયા હતા

બીલીમોરા: બીલીમોરા નજીકના ભાઠા ગામે કોમ્પ્રેસર પ્રેસર મશીનથી ઘરની સાફ-સફાઈ કરતી વખતે પિતા-પુત્રને કરંટ લાગતા પિતાનું મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ બીલીમોરાના ગાયકવાડ મિલચાલમાં રહેતા રાજકુમાર રામબ્રીજ કેવત (ઉં.વ.૪૫) અને તેનો પુત્ર રોહિત રાજકુમાર કેવત કોન્ટ્રાક્ટ ઉપર મકાનના કલર કામ રીનોવેશનનું કામ કરતાં હતા. દરમિયાન ગયા સપ્તાહે પૂરના કારણે ભાઠા ગામે દામલા ફળિયામાં રહેતા રામુભાઈ પરસોતમભાઈ પટેલના ઘરમાં પાણી પ્રવેશી જતાં કાદવ કીચડ સાફ સફાઈ કરવા માટે રાજકુમાર અને તેમનો પુત્ર અન્ય માણસો સાથે કોમ્પ્રેસર પ્રેસર મશીન લઈને આવ્યા હતા. દરમિયાન રાજકુમાર અને તેના પુત્ર રોહિતને કોમ્પ્રેસર પ્રેસર મશીનથી ઘરની દિવાલને પાણી મારતા હતા. ત્યારે અકસ્માતે બંનેના હાથમાં પિતા-પુત્રના હાથમાં જોરદાર ઈલેક્ટ્રિક કરંટ લાગ્યો હતો. જેમાં રોહિતને સામાન્ય કરંટનો ઝટકો લાગ્યો હતો જ્યારે પિતાને જોરદાર કરંટ લાગતા તેઓ ઢળી પડ્યા હતા. હોસ્પિટલમાં લઈ જતાં ફરજ પરના ડોક્ટરે તપાસી મૃત જાહેર કર્યા હતા. પુત્રએ બીલીમોરા પોલીસમાં ફરિયાદ નોંધાવતા વધુ તપાસ હે.કો પ્રવિણભાઈ કાળુભાઈ કરી રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ચીખલીના સરૈયાની મહિલાએ પ્રેશરની બીમારીથી કંટાળી એસિડ લેતાં મોત

ઘેજ: સરૈયા ગામના નવા ફળીયા ખાતે રહેતી લીલાબેન દિનેશભાઇ હળપતિ (ઉં.વ.૭૭)ને છેલ્લા કેટલાક સમયથી પ્રેશરની બીમારીથી પીડાતા હોય જે બીમારીથી કંટાળી જઇ ગુરૂવારની વહેલી સવારે ઘરમાં એસિડ પી લેતાં પ્રથમ ટાંકલ સીએચસી અને વધુ સારવાર અર્થે નવસારી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા ગતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વાપીની આર. કે. દેસાઈ ગૃપ ઑફ કૉલેજીસ એન્ડ આર.કે. દેસાઈ સ્કૂલ દ્વારા ગુરુપૂર્ણિમાની ઉજવણી



વાપી: વાપીની આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસ એન્ડ આર.કે. દેસાઈ સ્કૂલ દ્વારા ગુરુપૂર્ણિમા પર્વની ભાવભીની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ગુરુના મહિમા પર આધારિત પ્રાર્થના, ગીત, વક્તવ્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી ગુરુ પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. ગુરુ પૂર્ણિમાના પાવન અવસરે સંસ્થામાં બી.એડ.ના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓના પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી તેમજ વિદ્યાર્થીઓ માટે પોસ્ટર મેકિંગ તથા જયા પાર્વતી વ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધા યોજાઈ, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમના અંતે સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ, કેમ્પસ ડિરેક્ટર ડો. મિત્તલ શાહ તેમજ વિવિધ વિભાગના પ્રિન્સિપલો, હેડ અને અધ્યાપકો દ્વારા આશીર્વાદ આપી અભિનંદન પાઠવ્યા હતાં.

### અતુલ ફાઉન્ડેશન દ્વારા પૂરગ્રસ્ત પરિવારોને રાહત સામગ્રીનું વિતરણ



વલસાડ:અતુલ ફાઉન્ડેશન દ્વારા હરિયા, ભગોદ, બીનવાડા તથા વલસાડ શહેરના પૂરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચી જરૂરિયાતમંદ પરિવારોને રાહત સામગ્રીનું વિતરણ કર્યું હતું. રાહત સામગ્રીમાં ૫૧૭૪ ફૂડ પેકેટ્સ ૪૫૦ અનાજની કીટ, ૫૦ ધાબળા, ૬૬૮ પાણીની બોટલ તથા શાળાનાં બાળકો માટે સ્ટેશનરી કીટ જેવી આવશ્યક ચીજવસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. અતુલ કંપની અને અતુલ ફાઉન્ડેશનના અધિકારીઓ, કર્મચારીઓ અને સ્વયંસેવકોએ સક્રિય ભૂમિકા ભજવી હતી. અતુલ કંપનીનાં જનરલ મેનેજર ગૌતમભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે કુદરતી આપત્તિના સમયે સમાજના દરેક વર્ગે માનવતાના ભાવ સાથે આગળ આવી જરૂરિયાતમંદોની મદદ કરવી એ સૌની નૈતિક જવાબદારી છે.

### વાપી મનપાના 13 વોર્ડમાં કુલ 3374 પરિવારોને સહાય ચુકવવામાં આવી



વાપી : વાપી શહેરમાં પડેલા ભારે વરસાદના કારણે ઘણાં વિસ્તારમાં વરસાદી પાણી ભરાયા હતાં. વાપી મહાનગરપાલિકાએ અસરગ્રસ્તોનો સરવે અને રિ-સરવે કર્યો હતો. જેમાં 13 વોર્ડમાં કુલ 3374 પરિવારો અસરગ્રસ્તને સહાય ચુકવવામાં આવી હતી. જેમાં કુંતા, સલવાવ જેવા વિસ્તારોમાં સૌથી વધારે લોકો અસરગ્રસ્ત થયાં હતા. આ વિસ્તારોમાં નાણામંત્રી કનુભાઈના માર્ગદર્શનમાં સહાય ચૂકવી હતી. વાપી મનપાની ટીમે 13 વોર્ડમાં સરવે કર્યો હતો. ત્યારબાદ ફરી રિ-સરવે કરવામાં આવ્યો હતો. જેમાં કુલ 3374 પરિવારો અસરગ્રસ્ત હોવાનું જણાયું હતું. આ અસરગ્રસ્ત વિસ્તારમાં નાણામંત્રી કનુભાઇ દેસાઇના માર્ગદર્શનમાં તાત્કાલિક 13 વોર્ડના 3374 અસરગ્રસ્તોને 2.29 કરોડની સહાય ચૂકવામાં આવી હતી. આ અંગે સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન સતિષભાઈ પટેલે જણાવ્યું હતું કે મનપાની ટીમે બે વખત સરવે કર્યો હતો. તમામ વોર્ડમાં સરવે બાદ તાત્કાલિક સહાય આપવામાં આવી છે. અસરગ્રસ્તોને તેમના બેન્ક એકાઉન્ટમાં સહાય સીધી સહાય જમા કરવામાં આવી હતી. આ ઉપરાંત જ્યાં જ્યાં વરસાદી પાણી ભરાયા છે ત્યાં ફરી વખત વરસાદી પાણી ન ભરાય તે માટે અધિકારીઓને જરૂરી સૂચના આપી છે.